ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/મપણ/ડીર્માકેશન/ ૬૨૨
જી.આઈ.ડી.સી. વડી કચેરી. ઉધોગ ભવન,
ગાંધીનગર. તારીખ:૮/૩/૧૬

વિષય:– ઔધોગિક વસાહત માટે સંપાદન થયેલ જમીનોની પીટી સર્વે (સંયુકત માપણી) વખતે ફળાઉ ઝાડ, મોટા ઝાડ તથા તેના પ્રકાર દર્શાવવા બાબત.

સંદર્ભ:– માન.ઉપા.અને વ.સં.શ્રીના પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/જમે/જમીન/ડીર્માકેશન/૦૯ તા:૧૮–૨–૧૧.

//– પરિપત્ર–//

ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ ધ્વારા ઔધોગિક વસાહતો સ્થાપવા માટે જમીન સંપાદન કર્યા પછી તે જમીનોની પીટી સર્વે, કન્ટુર સર્વે, સયુકત માપણી કરવાની અગાઉ સદર્ભના પત્ર તા:૧૮/૨/૧૧ થી માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીના પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી /ઓએન્ડએમ / જમે / જમીન/ ડીર્માકેશન /૦૯ ધ્વારા અમલમાં મુકવામાં આવેલ છે. નિગમ અને ખાનગી સર્વે એજન્સી વચ્ચે રૂા.૧૦૦/ ના સ્ટેમ્પ પેપર ઉપર માપણી અંગેના કરારખત થતાં હોય છે. કરારખતના પાના નંબર:ર ઉપર શરતો દર્શાવવામાં આવેલ છે. જેમાં શરત નંબર:૩ માં સ્પષ્ટ દર્શાવવામાં આવેલ છે કે માપણીના સ્થળે આવેલ જમીનોમાં આવેલ હયાત બાંધકામ જેવા કે કાચા / પાકા મકાનો, ઝુંપડા તથા કમ્પાઉન્ડ વોલ, વાયર ફેન્સીગ વિગેરે હેચ મારી અલગ તરી આવે તે રીતે દર્શાવવાના રહેશે. ઉપરાંત હદે પકડેલા મારગ, ખાનગી મારગ, પેટા મારગ, રોડ તેના પ્રકાર સાથે નાળા, કુવા, વાડો, તળાવ, ફળાઉ ઝાડ, મોટા ઝાડ, ખાડા ટેકરા, કોતર, પાક, ઈલેકટ્રીક લાઈન તેના પ્રકાર સાથે પાણીની પાઈપ લાઈનો, સ્કેચ અને ઓઈલ પાઈપ લાઈનો, હાઈવે તથા રેલ્વેની પહોળાઈ, સેન્ટર લાઈનો સાથે હદ, પાણીના વેણ તથા તેની દિશા સાથે દર્શાવવાના રહેશે.

કોઈપણ ઔધોગિક વસાહતના પીટી માપણી (સયુંકત માપણી) વખતે કરારખતના શરત નંબર:૩ માં ઉલ્લેખ કરેલ છે. તે મુજબ હવે પછી સ્થળે આવેલ ઝાડ અને તેના પ્રકાર સાથે દર્શાવવાના રહેશે. જે બાબતનો ચુસ્ત પણ અમલ કરવા ક્ષેત્રિય કચેરીના વિ.પ્ર.શ્રી / પ્રા.મે.શ્રી ને જણાવવામાં આવે છે.

(મનોજ અગ્રવાલ)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.
જી.આઈ.ડી.સી. ગાંધીનગર.

પ્રતિ,
નિગમના તમામ વિભાગીય પ્રબંધકશ્રીઓ / પ્રાદેશિક મેનેજરશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

રવાના કર્યુ,
કાર્યપાલક નિયામક(જ/આ)
જી.આઈ.ડી.સી. ગાંધીનગર.